# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૬/ક્વા-03/૨૦૨૧-૨૨/ ૧૩૭-૪ તારીખ : ૦૫ - ૦૧ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
ધનજીભાઈ પાંચાભાઈ સોલંકી
ખોડીયાર પરા શેરી નં. - ૪, એસ.ટી. વર્કશોપ પાછળ, ગોંડલ રોડ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૪
મોબાઈલ : ૯૭૨૬૬૯૭૨૭૩

**વિષય :** વીજ બીલમાં એક સાથે વધુ યુનીટનું બીલ આપવા બાબત.

**સંદર્ભે:** આપશ્રીની રજુઆત તા. ૦૨-૧૧-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૬/ક્વા-03/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મવડી રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૬/ક્વા-૩/૨૧-૨૨/ 137-4 તાં. 05-01-2022

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૬/ક્વા-૩/૨૧-૨૨

| | |
|---|---|
| અરજદાર | : ધનજીભાઈ પાંચાભાઈ સોલંકી ગામ: રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : મવડી રોડ |
| રજૂઆત કરનાર | : અરજદાર હાજર રહેલ નથી. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ |
| રજૂઆત કરનાર | : શ્રી એન.ડી.રૂઘાણી ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર શ્રી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ અને તેમની સાથે શ્રી આર.એસ.લાલકીયા નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૨૮-૧૨-૨૧ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૮-૧૨-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર ગેરહાજર રહેલ હતા તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી ઉપર મુજબના રજૂઆત કરનાર હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ધનજીભાઈ પાંચાભાઈ સોલંકી તેઓની લેખિત રજુઆતમાં જણાવે છે કે, તેઓ મવડી રોડ પેટા વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નંબર ૩૦૬૦૮-૩૯૦૦૭-૦ થી ઘરવપરાશના હેતુનું વીજજોડાણ ધરાવે છે. અરજદાર મુજબ તેઓનો સરેરાશ વીજવપરાશ ૧૬૫ યુનીટનો છે. આમ છતાં તેઓને ૩૮૩૫ યુનીટનું રૂ.૩૦૫૪૨.૨૮ નું બિલ અપાયેલ છે, સદર બાબતે તેઓ દ્વારા સબંધક કચેરીએ તપાસ કરતા જાણવા મળેલ

છે કે તેઓને પેન્ડિંગ યુનિટનું બિલ આવેલ છે વધુમાં તેઓ જણાવે છે કે તેઓની પરિસ્થિતિ નબળી હોય બિલ ભરી શકે તેમ નથી જે અંગે અરજદારે ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે શ્રી ધનજીભાઈ પાંચાભાઈ સોલંકી ગ્રાહક નંબર-૩૦૬૦૮/૩૯૦૦૭/૦ થી રહેણાક હેતુનું વીજજોડાણ ધરાવે છે.

૩.૧ અરજદારને વીજબીલ માહે ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૧ માં ૩૮૩૫ યુનિટનું એકસાથે બીલ અપાયેલ છે અગાઉ વીજબીલ માહે એપ્રિલ-મે-૨૦૨૧ માં ૬૬૧ યુનિટ તેમજ માહે જૂન-જુલાઈ-૨૦૨૧ માં ૪૨૦ યુનિટના બિલો આવેલ છે.

૩.૨ ત્યારબાદ અરજદારનું મીટર તા.૦૪-૦૯-૨૦૨૧ ના રોજ બદલતા લેબરીપોર્ટ તા.૨૭-૦૯-૨૦૨૧ મુજબ રીડિંગ ૧૩૨૭૩ આવતા ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૧નું ૩૮૩૫ યુનિટનું બિલ આપવામાં આવેલ છે જેમાં જુના મીટરના રીડિંગ - ૧૩૨૭૩-૯૫૦૦=૩૭૭૩ અને નવા મીટરના રીડિંગ ૬૨-૦=૬૨ એમ કુલ યુનિટ (૩૭૭૩+૬૨) ૩૮૩૫ આવેલ તે મુજબ રૂ.૩૦૫૪૨/૨૮ નું બિલ અપાયેલ છે.

૩.૩ લેબરીપોર્ટમાં અરજદારનું સદર મીટર બરાબર માલુમ પડેલ છે. જેથી આપેલ યુનિટ મુજબનું બિલ બરાબર છે જે ભરવા પાત્ર હોય ગ્રાહક દ્વારા તા.૩૧-૧૦-૨૦૨૧ ના રોજ રૂ.૫,૦૦૦/- તા.૩૦-૧૦-૨૧ ના રોજ રૂ.૧૦,૦૦૦/- તા.૧૩-૧૨-૨૦૨૧ ના રોજ રૂ.૧૦,૦૦૦/-, એમ કુલ રૂ.૨૫,૦૦૦/- ભરેલ છે તેમજ બાકીની રકમ ચાલુ બીલમાં રૂ.૫૫૪૨/- ભરપાઈ કરવાની બાહેધરી તા.૧૫-૧૨-૨૦૨૧ ના રોજના લેખિત સમાધાન પત્રમાં આપેલ છે. આમ, અરજદારની ફરિયાદનું પી.જી.વી.સી.એલ. કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની પેરા નં ૨.૦ મુજબની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકારના મુદ્દા નં ૩.૦ થી ૩.૩ મુજબની વિગતે અરજદારની ફરિયાદનું પી.જી.વી.સી.એલ. કક્ષાએથી નિરાકરણ થયેલ હોવાનું – અરજદારનું લેખિત સમંતિપત્ર તા.૧૫-૧૨-૨૦૨૧ રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કક્ષાએથી કંઈ કરવાનું રહેતું ન હોય,અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Joshi Nitin ...

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન